# માહિતી (મેળવવાના) અધિકાર

# અધિનિયમ-૨૦૦૫

અધિનિયમની કલમ-4 (ખ) હેઠળની વિગતવાર

માહિતી આપતી પુસ્તિકા/માર્ગદર્શિકા

શ્રી ચિ.હ.નગરી મ્યુ. આંખની હોસ્પિટલ

એલિસબ્રિજ, અમદાવાદ-6

અમદાવાદ મહાનગર સેવા સદન

PAD અદ્યતન કર્યા તારીખ ૨૦.૦૫.૨૦૨૩

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ નં. | પ્રકરણની વિગત | પાના નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | સંગઠનની વિગતો, વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજો | ૨-૧૧ |
| ૨ | ૨ | અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો | ૧૨-૧૪ |
| 3 | 3 | નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ | ૧૫ |
| ૪ | ૪, ૫ | કાર્યો બજાવવા નક્કી કરેલા ધોરણો તથા કાર્યો બજાવવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ, દફ્તરો | ૧૬ |
| ૫ | ૬ | સંગઠનના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોનાં વર્ગોનું પત્રક | ૧૭ |
| ૬ | ૭ | નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધમં જનતાના સભ્યો સાથે પરામર્શ | ૧૮ |
| ૭ | ૮ | વ્યવસ્થા તંત્રના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે બે કે તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ કે સમિતિની નોંધ બાબત | ૧૯ |
| ૮ | ૯, ૧૦ | અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા અને તેમને વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે મળતુ માસિક વળતર | ૨૦-૨૪ |
| ૯ | ૧૧ | વ્યવસ્થાતંત્રને ફાળવાતેલ અંદાજપત્ર | ૨૫ |
| ૧૦ | ૧૨, ૧૩ | આર્થિક સહાય બાબત આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકુતિઓ મેળવનારાની વિગતો | ૨૬-૨૮ |
| ૧૧ | ૧૪ | ઇલેક્ટ્રોનીક સ્વરુપે માહિતી | ૨૯ |
| ૧૨ | ૧૫ | ગ્રંથાલય, વાંચનાલય | 30 |
| ૧૩ | ૧૬ | જાહેર માહિતી અધિકારીઓના નામ,હોદ્દો,સરનામા, ફોન નંબર | 3૧ |
| ૧૪ | ૧૭ | માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો | 3૨ |
| ૧૫ | - | એનેક્ષર – એ (પ્રમાણપત્ર) | 33 |

# પ્રકરણ – ૧
# સંગઠનની વિગતો, વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો

## અમદાવાદ મહાનગર સેવા સદન

## શ્રી ચિ.હ. નગરી મ્યુ. આંખની હોસ્પિટલ

અમદાવાદ શહેરની જનતાને આંખના રોગો સામે જુદા જુદા પ્રકારની સારવાર આપવા માટે શ્રી ચિ.હ.નગરી આંખની હોસ્પિટલનું સંચાલન મ્યુનિ.કોર્પોરેશન તરફથી કરવામાં આવે છે. આ હોસ્પિટલમાં આંખના રોગોની સારવાર માટે અદ્યતન સાધનો વિકસાવવામાં આવેલ છે અને નિષ્ણાત ડોક્ટરો દ્વારા દર્દીઓને સારામાં સારી સારવાર મળે છે.

**હોસ્પિટલ બિલ્ડીંગનું નવીનીકરણ:-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મારફત ચલાવવામાં આવતી એક માત્ર આંખની સારવાર આપતી શેઠ ચી.હ.નગરી મ્યુનિ. આંખની હોસ્પિટલની શરૂઆત સને ૧૯૬૩માં કરવામાં આવેલ. હોસ્પિટલ બિલ્ડીંગને ૬૦ વર્ષ જેટલો સમય થયેલ હોવાથી તથા પેશન્ટની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થવાના અને સમયની સાથે સ્પેશિયાલીટી વિભગો વધવાના કારણે મુખ્યમંત્રી સ્વર્ણીમ જયંતિ અંતર્ગત ફળવવામાં આવેલ બજેટમાંથી ૮૭૩૫.૮૯ ચો.મી. વિસ્તારમાં કુલ ૧૬૭૧૧.૪૧ ચો.મી.નું બાંધકામવાળા આઠ માળના નવા બિલ્ડીંગનું બાંધકામ રૂા. ૪૭.૨૬ કરોડના ખર્ચ કરવામાં આવેલ છે.

**ઓ.પી.ડી.:-**

નગરી આંખની હોસ્પિટલમાં સોમવાર થીં શુક્રવાર સવારે ૯-૦૦ થી ૫-૦૦ (કેસ કાઢવાનો સમય : ૯-૦૦ થી ૧૨-૩૦ અને બપોરે ૨-૦૦ થી ૪-૩૦) તેમજ શનિવારે ૯-૦૦ થી ૧-૦૦ (કેસ કાઢવાનો સમય : ૯-૦૦ થી ૧૨-૦૦) ના સમય દરમિયાનમાં ઓ.પી.ડી. વિભાગ ચલાવવામાં આવે છે. જેમાં આંખને લગતાં રોગોની તપાસ તથા સારવાર કરવામાં આવે છે. જેનો લાભ અમદાવાદ ઉપરાંત ગુજરાત રાજ્યોનાં શહેર-ગામડાઓમાથી આવતાં દર્દીઓ લે છે.

આ ઉપરાંત નગરી હોસ્પિટલ ખાતે નીચે જણાવેલ સ્પેશ્યલ ક્લીનીક ચલાવવામાં આવે છે. જેનો લાભ જરૂરતમંદ નાગરિકોને થયેલ છે. આથી, હોસ્પિટલની સેવાનો વ્યાપ વઘેલ છે.

**સ્પેશ્યાલીટી ક્લીનીક:-**

(૧) ઝામરનું ક્લીનીક
(૨) પડદાનું ક્લીનીક
(૩) કોર્નિયા ક્લીનીક
(૪) કોનટેક લેંસ ક્લીનીક
(૫) ત્રાંસી આંખનું ક્લીનીક

**દાખલ દર્દીઓ માટે સુવિધા :-**

નગરી હોસ્પિટલમાં દાખલ દર્દીઓનો વિભાગ આધુનિક સુવિધાઓથી સુસજ્જ છે.હોસ્પિટલમાં પાંચ સપૂર્ણપણે સુસજ્જ ઓપરેશન થીયેટર જેમાં બે સુપ્રામેજોર, ત્રણ મેજોર, એક માઇનોર ઓપરેશન થીયેટર, એક કીકી પ્રત્યારોપણ માટે, એક ઓક્યુલોપ્લાસ્ટી માટે અને ત્રણ અલગ સેપ્ટીક ઓપરેશન થીયેટર છે. હોસ્પિટલમાં ઓપ્થાલ્મિક તાલીમ પામેલા સારવાર સહાયકો ૨૪ કલાક દાખલ દર્દીઓની સંભાળ રાખવા માટે હાજર રહે છે. ફેકોમલ્સીફીકેશન અને ફોલ્ડેબલ ઇન્ટ્રાઓક્યુલર લેન્સ ઇમ્પલાન્ટ માટે અત્યાધુનિક નાના કાપાવાળી સર્જરી કરી સારવાર અપાય છે.

**હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સાધનો અને સગવડ:-**

શ્રી ચી.હ.નગરી મ્યુ. આંખની હોસ્પિટલ ખાતે આંખનાં તમામ પ્રકારનાં રોગોની નિદાન તથા સારવાર માટેનાં અતિઆધુનિક એવા સાધનો ઉપલબ્ધ છે. જેનો લાભ ફકત અમદાવાદનાં નાગરિકો જ નહીં, પરંતુ પાડોશી રાજ્યોનાં દર્દીઓ પણ લે છે. તેમજ સને.૨૦૧૨-૧૩ ના વર્ષમાં લેસરથી ચશ્માના નંબર ઉતારવાનું એકઝાઇમર લેસર મશીન વસાવવામાં આવેલ છે.

શ્રી ચી.હ.નગરી મ્યુ. આંખની હોસ્પિટલ ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આંખનાં જુદા જુદા પ્રકારના ૬૭૭૦ ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં મોતિયાના, મોતિયો કાઢી કૃત્રિમ નેત્રમણી બેસાડવાના, ઝામરનાં, પડદાનાં, કીકી પ્રત્યારોપણના, ત્રાંસી આંખનાં જુદા જુદા ઓપરેશન સામેલ છે. નગરી હોસ્પિટલ ખાતે મોતિયાના આધુનિક સેવા Phacoemulsification નાં ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવે છે.

નગરી હોસ્પિટલ ખાતે વસાવવામાં આવેલ આધુનિક સાધનો નીચે મુજબ છે.

(૧) ઓપરેટીંગ માઇસ્ક્રોસ્કોપ:- આંખનાં નાજુક ભાગોનું ઓપરેશન માટે જરૂરી માઇસ્ક્રોસ્કોપ વડે પાંચ થીયેટર સજ્જ છે. આંખનાં બધા જ ઓપરેશનો માઇસ્ક્રોસ્કોપ મશીન ધ્વારા કરવામાં આવે છે. જેવા કે મોતિયોનાં, ફેકો ઓપરેશન માટે, ઝામર, કીકી બદલવાના, ત્રાંસી આંખના વીટ્રેક્ટોમી ઓપરેશન માટે.

(૨) 'એ' સ્કેન બાયોમેટ્રી મશીન:- મોતિયાનાં ઓપરેશન પછી કૃત્રિમ નેત્રમણી બેસાડવામાં આવે છે. જેનાં માપ માટે મશીનનો ઉપયોગ થાય છે.

(૩) યાગ લેસર:- મોતિયાના ઓપરેશન પછી થતી છારી બાળવા માટે.

(૪) આરગન લેસર:- પડદના અને ઝામરનાં દર્દીઓની સારવાર માટે.

(૫) અલ્ટ્રા સાઉન્ડ મશીન:- આંખની અંદરનાં ભાગનાં વિશ્લેષણ માટે.

(૬) વીડીયો એન્જીયોગ્રાફી મશીન:- પડદાનાં વિવિધ રોગો જેવા કે ડાયાબીટીક, રેટીનોપાથી જેમાં પડદાની લોહીની નળીમાં તકલીફ હોય તેવા દર્દીઓની આંખની એન્જીયોગ્રાફી માટે.

(૭) **ફેકો ઇમલ્સીફીકેશન મશીન:-** મોતિયાનાં અતિ આધુનિક એવા ઓપરેશન માટે, જેમાં મોતિયાને આંખની અંદર જ ઓગાળી, નેત્રમણી પ્રત્યારોપણ કરવામાં આવે છે.

(૮) **વિટ્રેકટોમી મશીન:-** પડદાનાં જુદા જુદા પ્રકારનાં ઓપરેશન માટે.

(૯) **ટોપોગ્રાફી મશીન:-** આંખની કીકી જેવા નાજુક ભાગનું માપ લેવા માટે.

(૧૦) **સ્પેક્યુલર એન્ડોથેલીયર સેલ કાઉન્ટર:-** કીકીના અંદરના નાજુક સુક્ષ્મ કોષોની સંખ્યા ગણવાનું મશીન.

(૧૧) **અલ્ટ્રા સાઉન્ડબયો માઇક્રોસ્કોપ:-** આંખની કીકી તથા મોતિયાના વચ્ચેના ભાગના વિશ્લેષણ માટે તથા ઝામરના નિદાન માટે.

(૧૨) **ડાયોડ લેસર:-** આંખનાં પડદાને લગતી વિશિષ્ટ તપાસ અને સારવાર માટે જેવા કે ડાયાબિટીશ, બી.પી.ના દર્દીઓની આંખનાં પડદા પર લોહી આવી જાય અથવા પડદામાં કાણા પડી જાય તથા પડદો ખસતો હોય તેવા કેસોમાં તે અંગેની સારવાર કરવા માટે.

(૧૩) **ઓ.સી.ટી.(ઓકયુલર કોહેરન્સ ટોમોગ્રામ):-** સીટી સ્કેન અને એમ.આર.આઇ.ની મદદથી જેવી રીતે શરીરના જુદા જુદા ભાગોનું કટ સેકશન્માં જોઇને નિદાન કરી શકાય છે તે રીતે આંખના પડદા અને નસનો જુદા જુદા કટ સેકશનમાં જોઇ શકાય છે, તેથી પડદાના રોગોની પ્રોગ્રાસ સારવારની અસર તથા ઝામરથી થતા નુકશાનની વિશેષ જાણકારી મેળવી શકાય છે.

(૧૪) **એકઝાઇમર લેસર:-** આંખના ચશ્માના નંબર વગર ઓપરેશને લેસર પધ્ધતિથી ઉતારવામાં આવે છે.

(૧૫) **એચ.આર.ટી.:-** આંખની નસ ઉપર ઝાંમરને કારણે થતી અસરની તપાસ માટે.

(૧૬) **પેકી મેટ્રી:-** કીકીની જાડાઇ માપવા માટે.

(૧૭) **ઓટોમેટેડ પેરીમેટ્રી:-** ઝામર તથા મગજના રોગોને લીધે આંખ પર થતી અસરની તપાસ માટે.

નગરી હોસ્પિટલ ખાતે દર્દીઓનાં પ્રત્યેક ઓપરેશન સફળતાથી આધુનિક સાધનોની મદદથી કરવામાં આવતાં દર્દીઓ ઓપરેશન પછી તરત જ ઘરે જઇ શકે છે. જેથી હોસ્પિટલ ઉપર તેમનો બોજ ઓછો થયો છે અને તેથી હોસ્પિટલોનાં કુલ ખર્ચમાં ઘટાડો જોવા મળેલ છે.

નગરી હોસ્પિટલમાં મોતિયાનાં, ઝામરનાં, આંખની કીકી બેસાડવાના, મોતિયા કાઢી તેની જગ્યાએ નેત્રમણી (ઇન્ટ્રાઓકયુલર લેન્સ) મુકવાનાં, આંખનાં ખસી ગયેલા પડદાનાં, ત્રાંસી આંખના તેમજ નાસુરનાં ઓપરેશન કરવામાં આવે છે. આ ઉપરાંત ચશ્માનાં નંબર પણ કાઢી આપવામાં આવે છે. ઉપરાંત, ફ્લોરેસીન ફન્ડસ કેમેરા વડે પડદાનાં રોગોનો અભ્યાસ કરી નિદાન કરી લેસરની સારવાર આપવામાં આવે છે. આંખનાં ઓપરેશન માટે ઓપરેટીંગ માઇક્રોસ્કોપ એ-સ્કેન ફોર બાયોમેટ્રી નામના સાધન વડે ઇન્ટ્રાઓકયુલર લેન્સનો પાવર આપવા માટે કોર્નીયાની થીકનેસ માપવામાં ઉપયોગ કરવામાં આવે છે. ઉપરાંત, યાગ આરગન લેસર વસાવવામાં આવેલ છે. જેનાથી ડાયાબીટીસનાં દર્દીઓની આંખનાં પડદાનાં રોગોનો ઇલાજ કરવામાં આવે છે. યાગ લેસરનાં ઉપયોગથી નેત્રમણીની પાછળ છારી બાળી નાંખવામાં આવે છે. ઉપરાંત, ઝામરની સારવારમાં પણ વપરાય છે. આંખનાં બધા જ ઓપરેશન માઇક્રોસ્કોપ ધ્વારા કરવામાં આવતાં હોવાથી દર્દીઓ જલ્દી ઘરે પાછા જઇ શકે છે અને ઓપરેશનમાં સારા પરિણામોને કારણે હોસ્પિટલનો ખર્ચ ઘટયો છે.

## નગરી આઈ રિસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ

સમાજનાં ગરીબ દર્દીઓને નજીવા દરે સારવાર મળી રહે તે માટે નગરી આંખની હોસ્પિટલનાં વધુ વિકાસાર્થે સાધનો વસાવવામાં આવી રહેલ છે. આ સાધનો માટે અને સંસ્થા પાસેથી દાન મળે તે હેતુથી સ્ટે.ક. ઠ.નં.૨૨૩૮, તા.૨૧.૦૩.૧૯૯૧ અનુસાર "નગરી આઈ રીસર્ચ ફાઉન્ડેશન" નામનું ટ્રસ્ટ જુન-૧૯૯૧ માં શરૂ કરવામાં આવેલ છે. આ ટ્રસ્ટને અવારનવાર નાના-મોટા દાનની રકમ રોકડમાં તેમજ સાધનના સ્વરૂપમાં મળેલ છે. આ ટ્રસ્ટને મળનાર દાન ને ભારત સરકારનં ઈન્કમટેક્સ ખાતા તરફથી ૧૦૦% કરમુક્તિ આપવામાં આવેલ છે. વધુમાં, વધુ દાનની રકમ મેળવી અતિ આધુનિક સાધનો વસાવી તેમજ આંખના રોગોની સારવાર માટે સંશોધનની કાર્યવાહી પણ નગરી આઈ રીસર્ચ ફાઉંડેશન દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

## આઈ બેન્ક:-

આઈ બેંક હુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન એક્ટ અંતર્ગત રજીસ્ટર્ડ થયેલ છે અને ઓલ ઇન્ડીયા આઇ બેંક એસોસીએશનની મેમ્બર છે. આઈ બેંકમાં મરણ પામેલા વ્યક્તિઓની દાનમાં મળેલ આંખો રાખવામાં આવે છે. જરૂરીયાત મુજબની કોર્નીયા બદલવામાં આ દાનમાં મળેલ આંખોનો ઉપયોગ કરવામાં આવે છે.

## ટીચીંગ (નવા સર્જનોને તાલીમ):-

શ્રી ચી.હ.નગરી મ્યુ. આંખની હોસ્પિટલ, શ્રીમતી એન.એચ.એલ. મ્યુ. મેડીકલ કોલેજ સાથે સંલગ્ન છે. હોસ્પિટલ ખાતે અન્ડર ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચીંગ માટેની દરેક સુવિધા ઉપલબ્ધ છે. જેમાં, કે. એમ. સ્કુલ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ અને રીસર્ચ માટેનાં આંખનાં વિભાગ તરીકે ગુજરાત યુનિવર્સિટી તથા મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાનો માન્ય અનુસ્નાતક ડીગ્રીના અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

## રીસર્ચ:-

આ હોસ્પિટલમાં વિવિધ પ્રવૃત્તિઓની સાથે સંશોધન પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થયેલ છે. જેમાં જુદાજુદા ડોક્ટરોએ જરૂરી સંશોધન કરી પેપર્સ તૈયાર કરેલ છે. વધુમાં NERF દ્વારા યોજવામાં આવેલ આંખના રોગોનાં વિશેષજ્ઞો સાથેનાં CME પ્રોગ્રામમાં ભાગ લઇ આધુનિક સારવાર માટેની માહિતીઓ મેળવેલ છે.

## નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી :

ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમવાર ઓપ્ટોમેટ્રીનો ડીગ્રી તથા માસ્ટર ડીગ્રીનો કોર્સ નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી ખાતે શરૂ કરવામાં આવેલ છે. નગર સ્કુલ ઓફ ઓપ્ટોમેટ્રી કોલેજની ઓગષ્ટ-૦૪ માં સ્થાપના

કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં જે અભ્યાસક્રમ નથી, તેવો વિશિષ્ટ અને જરૂરી બેચલર ઓફ ઓપ્ટોમેટ્રીનો કુલ ચાર વર્ષનો ડિગ્રી અભ્યાસક્રમ ઓગષ્ટ-૦૪ થી શરૂ કરવામાં આવેલ છે. સને-૨૦૦૮ થી માસ્ટર ડીગ્રીનો બે વર્ષનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓપ્ટોમેટ્રીના અભ્યાસક્રમને મંજુરી આપેલ છે. જેમાં પ્રથમ વર્ષમાં ૪૦,

બીજા વર્ષમાં ૩૦, ત્રીજા વર્ષમાં ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. માસ્ટર ડીગ્રીમાં ૧૨ વિદ્યાર્થીઓની માન્યતા મળેલ છે.

**રીફ્રેક્ટીવ સર્જરી:-**

લેસર દ્વારા આંખના નંબર ઉતારવાનો આ અદ્યતન વિભાગમાં ૫ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવેલ છે. જેમાં જર્મનીના આધુનિક લેસર મશીન વડે ચશ્માના નંબર ઉતારી શકાય છે. આ અદ્યતન સુવિધા તદ્દન વ્યાજબી ભાવે ઉપલબ્ધ છે. વર્ષ દરમ્યાન ૨૦૮ જેટલી રીફ્રેક્ટીવ સર્જરી કરવામાં આવી છે.

**હોસ્પિટલ ખાતે ચશ્માની સગવડ:-**

જરૂરીયાત દર્દીઓને ચશ્મા "નહીં નફો નહીં નુકશાન" ના ધોરણે વ્યાજબી ભાવથી અત્રેથી મળી રહે તે માટે હોસ્પિટલમાં ચશ્મા વિતરણ કેન્દ્ર વિભાગ શરૂ કરવામાં આવેલ છે. જેનો લાભ હોસ્પિટલમાં આવતા મહત્તમ દર્દીઓ લઈ રહ્યા છે.

**દવાઓ તથા નેત્રમણીની સગવડ:-**


દવાઓ તથા નેત્રમણી રાહત દરે મળી રહે તે માટે હોસ્પિટલમાં ટ્રસ્ટનો મેડીકલ સ્ટોર શરૂ કરવામાં આવેલ છે. જેનો લાભ મહત્તમ દર્દીઓ લઈ રહ્યા છે.

**ભારત સરકાર તથા રાજ્ય સરકારની મેડિકલ સહાય યોજના અંતર્ગત અપાતી સેવા:-**

ભારત સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તેમજ રાજય સરકારની મુખ્યમંત્રી અમ્રુતમ વાત્સલ્ય યોજના તથા મુખ્યમંત્રી અમ્રુતમ યોજનાનો લાભ નગરી હોસ્પિટલમાં આપવામાં આવે છે. યોજના સાથે સંકળાયેલા લાભાર્થીને હોસ્પિટલમાં સંપુર્ણ સેવા નિશુલ્ક આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન નીચેની વિગતે લાભાર્થીઓએ લાભ લીધેલ છે.

| વિગત | પીએમજે યોજના (એપ્રિલ ૨૨ થી માર્ચ ૨૩) |
|---|---|
| સ્ક્રીનીંગ કરેલ દર્દી | ૧૬૨૮ |
| રજીસ્ટર્ડ થયેલ દર્દી | ૨૫૨ |
| લાભાર્થી | ૨૩૪ |
| ક્લેઇમની રકમ | રૂા.૪૦,૮૨,૧૦૦/- |

# શ્રી ચી.હ.નગરી આંખની હોસ્પિટલ



## આંખના દર્દીઓનાં ઓપરેશનનું તુલનાત્મક પત્રક

| અ.નં. | ઓપરેશનનું નામ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મોતિયાનું ઓપરેશન | ૬૫ | ૪૯ | ૪૦ | ૪૫ | ૭૦ |
| ૨ | ફેકો આઇ.ઓ.એલ. | ૧૦૬૦ | ૧૨૮૧ | ૭૯૯ | ૧૪૯૩ | ૧૫૦૧ |
| ૩ | મોતિયા સાથે ફેકો સર્જરી | ૧૨૪૩ | ૧૦૦૬ | ૧૦૨૧ | ૧૪૪૦ | ૧૭૩૫ |
| ૪ | ઝામર | ૭૬ | ૧૧૪ | ૯૩ | ૧૪૩ | ૧૯૨ |
| ૫ | નવી કીકી બદલવી | ૧૬૨ | ૧૮૯ | ૨૧૫ | ૪૪૯ | ૫૪૨ |
| ૬ | ત્રાંસી આંખનું ઓપરેશન | ૫૬ | ૫૬ | ૪૧ | ૮૨ | ૪૬ |
| ૭ | વિટ્રેક્ટોમી ઓપરેશન | ૭૪૯ | ૭૫૧ | ૫૪૭ | ૭૭૦ | ૯૨૯ |
| ૮ | નાસુર ડી.સી.આર. | ૧૪૦ | ૫૧ | ૨૬ | ૯૦ | ૧૧૦ |
| ૯ | ઓક્યુલોપ્લાસ્ટી | ૨૮૪ | ૭૧ | ૧૪૫ | ૪૧૪ | ૫૯૧ |
| ૧૦ | અન્ય | ૧૫૪૯ | ૧૬૩૩ | ૪૧૦ | ૭૮૨ | ૧૦૫૪ |
| | કુલ...... | ૫૩૮૪ | ૫૨૦૧ | ૩૩૩૭ | ૫૭૦૮ | ૬૭૭૦ |

## દર્દીઓની સંખ્યા હોસ્પિટલની આવક તથા ખર્ચ દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શિડયુલ બેડની વિગત | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૨ | ઓ.પી.ડી. કેસની સંખ્યા | ૧૩૪૫૦૦ | ૧૩૭૭૦૬ | ૭૫૩૨૬ | ૧૩૧૩૭૯ | ૧૫૬૧૭૨ |
| ૩ | મોટા ઓપરેશનની સંખ્યા | ૪૦૩૬ | ૪૦૫૯ | ૨૮૦૩ | ૨૪૦૩ | ૫૪૭૮ |
| ૪ | નાના ઓપરેશનની સંખ્યા | ૧૩૪૮ | ૧૧૪૨ | ૫૪૮ | ૫૪૮ | ૧૩૮૯ |
| ૫ | ઇન્ડોર કેસની સંખ્યા | ૫૫૦૧ | ૫૪૩૭ | ૩૬૧૩ | ૬૩૫૯ | ૭૮૦૯ |

## દર્દીઓની સંખ્યા હોસ્પિટલની આવક તથા ખર્ચ દર્શાવતું પત્રક

| વર્ષ | હોસ્પિટલની આવક (રૂા. લાખમાં) | હોસ્પિટલનો ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૮-૧૯ | ૧૯.૯૪ | ૫૭૨.૩૩ |
| ૨૦૧૯-૨૦ | ૧૬.૨૫ | ૬૩૧.૮૯ |
| ૨૦૨૦-૨૧ | ૧૦.૪૪ | ૮૮૦.૪૬ |
| ૨૦૨૧-૨૨ | ૧૭.૩૪ | ૮૪૧.૯૮ |
| ૨૦૨૨-૨૩ | ૨૦.૨૧ | ૧૧૬૬.૭૫ |

# શ્રી ચી.હ.નગરી આંખની હોસ્પિટલ

## વહીવટી તંત્ર

સુપ્રિન્ટેન્ડેન્ટ (૧)

↓

ડે. સુપ્રિન્ટેન્ડેન્ટ (૧)

↓

| ડોકટર્સ | પેરામેડીકલ સ્ટાફ | ટેકનીકલ અને ફોર્થ ક્લાસ | વહીવટી સ્ટાફ |
|---|---|---|---|
| આર.એમ.ઓ.-(૧) | આસી.મેટ્રન-(૧) | જુ.વાયરમેન (૧) | આસી.મેનેજર (૧) |
| એનેસ્થેટીસ્ટ-(૨) | સીસ્ટર ઇન્ચાર્જ (૪) | ટેલી.ઓપરેટર (૧) | સેક્રેટરી (૧) |
| | સ્ટાફ નર્સ (૨૩) | લેબો.એટેન્ડેન્ટ (૧) | ટાઇપીસ્ટ (૧) |
| | ઓર્થોપ્ટીસ્ટ-(૧) | ડ્રેસર (૩) | સ્ટુઅર્ડ (૧) |
| | ઓપ્થાલ્મીક ટેક. (૧) | નાયક (૧) | સીની.ક્લાર્ક (૧) |
| | જુ.ફાર્માશિસ્ટ (૫) | લિફ્ટમેન (૧) | જુ.ક્લાર્ક (૪) |
| | સેને.સબ ઇન્સ્પે. (૨) | જમાદાર (૧) | |
| | લેબ. ટેકની.(૧) | વોર્ડબોય (૧૮) | |
| | આસી.લેબ.ટેક.(૧) | આયા (૯) | |
| | | કીચન સર્વન્ટ (૩) | |
| | | વોચમેન (૩) | |
| | | સર્વન્ટ કમ પટાવાળા (૫) | |
| | | માળી (૧) | |
| | | સ.કામદાર (૨૩) | |
| | | સહા.મલ્ટી.વર્કર (૧૨) | |

# નગરી આંખની હોસ્પિટલના કાર્યો અને ફરજો
## નગરી આંખની હોસ્પિટલનાં તમામ વિભાગોનું મેનેજમેન્ટ કરવું.

| | |
|---|---|
| અધિકારીનું નામ :- | ડો.તેજસબેન દેસાઇ |
| હોદ્દો :- | I/C સુપ્રિન્ટેન્ડેન્ટ |
| પગાર ધોરણ :- | ૧૪૪૨૦૦/૨૧૮૨૦૦ |
| સરનામું :- | શ્રી ચી.હ.નગરી મ્યુનિ.આંખની હોસ્પિટલ<br>ગુજરાત કોલેજની બાજુમાં,<br>એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| ફોન નં. (ઓફિસ) :- | ૦૭૯ – ૨૬૪૬૦૧૭૬<br>૦૭૯ – ૨૬૪૬૬૭૨૪ |
| મોબાઇલ :- | ૯૩૨૭૦૦૪૮૮૮ |

## પ્રકરણ – ૨

## અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

નગરી આંખની હોસ્પિટલના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો નીચે મુજબ છે.

| અ.નં | જગ્યાની સંખ્યા | અધિકારી/કર્મચારી નો હોદ્દો | પગાર ધોરણ | સત્તા અને ફરજો |
|---|---|---|---|---|
| ૧ | ૧ | સુપ્રિન્ટેન્ડન્ટ | ૧૪૪૨૦૦/૨૨૮૨૦૦ | નગરી હોસ્પિટલનું મેનેજમેન્ટ |
| ૨ | ૧ | આર.એમ.ઓ. | ૭૮૮૦૦-૨૦૯૨૦૦ | હોસ્પિટલના દરેક વોર્ડના સીસ્ટર ઇન્ચાર્જને જરૂરી સૂચના આપવી તથા ચોથા વર્ગનાં કર્મચારીઓનું ધ્યાન રાખવું. |
| ૩ | ૧ | આસી.મેનેજર | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ | હોસ્પિટલની કામગીરી પર દેખરેખ તથા વહીવટી કામગીરી |
| ૪ | ૨ | એનેસ્થેટીસ્ટ | ૭૮૮૦૦-૨૦૯૨૦૦ | હોસ્પિટલમાં દર્દીઓને ઓપરેશન કરતા પહેલાં બેભાન કરવા. |
| ૫ | ૧ | સેક્રેટરી | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ | વહીવટી કામગીરી તથા વર્ગ-૪ ની કામગીરી પર દેખરેખ. |
| ૬ | ૧ | આસી.મેટ્રન | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ | સીસ્ટર ઇન્ચાર્જ પાસે કામગીરી કરાવવી. |
| ૭ | ૧ | ઓર્થોપ્ટિસ્ટ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ | ત્રાંસી આંખના રોગોના નિદાનની કામગીરી |
| ૮ | ૧ | ટાઇપીસ્ટ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ | ખાતાના જરુરી કાગળો ટાઇપ કરવા |
| ૯ | ૪ | સીસ્ટર ઇન્ચાર્જ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ | જે તે વોર્ડના કર્મચારીઓ પાસે કામગીરી કરાવવી તથા વોર્ડની દેખરેખ રાખવી |
| ૧૦ | ૧ | સ્ટુઅર્ડ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ | રસોડાની તમામ કામગીરીનું ધ્યાન રાખવુ તથા ડેડ સ્ટોક ઓડિટ વાંધાની કામગીરી |
| ૧૨ | ૫ | જુ.ફાર્માસિસ્ટ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ | કેસ કાઢવા, દર્દીઓના સારવાર નાણાં લેવા જમા કરાવવા, રીપેરીંગ કરાવવાની કામગીરી |
| ૧૩ | ૨૩ | સ્ટાફ નર્સ | ૨૯૨૦૦-૯૨૩૦૦ | જે તે વોર્ડમાં દર્દીઓની દેખરેખ તથા દર્દીઓની જે તે સમયે દવા આપવી. |

| અ.નં | જગ્યાની સંખ્યા | અધિકારી/કર્મચારીનો હોદ્દો | પગાર ધોરણ | સત્તા અને ફરજો |
|---|---|---|---|---|
| ૧૪ | ૧ | આસી. લેબ. ટેક્નીશીયન | ૨૯૨૦૦-૯૨૩૦૦ | લેબોરેટરીની તમામ કામગીરી કરવી. |
| ૧૫ | ૧ | ઓપ્થેલમીક ટેક્નીશીયન | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ | આંખના નંબરો ચેક કરી રિપોર્ટ આપવો. |
| ૧૬ | ૧ | સિની.ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ | ખાતાના કર્મચારીઓની રજા અને ઇન્ક્રીમેન્ટના ફોર્મ ચેક કરવા તથા ચલન બનાવવાની તથા બીલોની કામગીરી |
| ૧૭ | ૧ | લેબ એટેન્ડન્ટ | ૨૯૨૦૦-૯૨૩૦૦ | લેબોરેટરીમાં લેબ. ટેકનીશીયનની કામગીરીમાં મદદ કરવી. લેબ.ના તમામ સાધનોની જાળવણી તથા આઈ બેન્ક રજિસ્ટર મેન્ટેઈન કરવું. |
| ૧૮ | ૪ | જુની.ક્લાર્ક | ૨૫૫૦૦-૮૧૧૦૦ | ઓફિસની જે કામગીરી સોંપવામાં આવેલ હોય તે મુજબ કામગીરી કરવી. |
| ૧૯ | ૧ | ટેલીફોન ઓપરેટર | ૫૨૦૦-૨૦૨૦૦ | બહારથી આવતા ટેલીફોન એટેન્ડ કરવા તથા જે તે વિભાગ સુધી પહોંચતા કરવા. |
| ૨૦ | ૩ | ડ્રેસર | ૧૯૯૦૦-૬૩૨૦૦ | ઓપરેશન થિયેટરમાં/હોસ્પિટલમાં કામગીરી કરવી તથા સ્ટાફને મદદરૂપ થવું. |
| ૨૧ | ૧ | રસોઈયા | ૧૪૮૦૦-૪૭૧૦૦ | રસોડામાં રસોઈની કામગીરી |
| ૨૨ | ૧ | લીફ્ટમેન | ૧૯૯૦૦-૬૩૨૦૦ | લિફ્ટ ચલાવવાની તેમજ લીફ્ટના મેન્ટેનન્સની કામગીરી |
| ૨૩ | ૧ | નાયક | ૧૯૯૦૦-૬૩૨૦૦ | ચોથા વર્ગના કર્મચારીઓની હાજરી તૈયાર કરવી તથા તેઓની કામગીરીની દેખરેખ |
| ૨૪ | ૨ | વોચમેન (જમાદાર) | ૧૯૯૦૦-૬૩૨૦૦ | હોસ્પિટલની અંદર તથા બહાર દેખરેખ |
| ૨૫ | ૧૮ | વોર્ડબોય | ૧૫૭૦૦-૫૦૦૦૦ | જે તે વોર્ડના સી.ઇન્ચાર્જના હાથ નીચે કામગીરી કરવી. |

| અ.નં | જગ્યાની સંખ્યા | અધિકારી/કર્મચારીનો હોદ્દો | પગાર ધોરણ | સત્તા અને ફરજો |
|---|---|---|---|---|
| ૨૬ | ૯ | આયા | ૧૪૮૦૦-૪૭૧૦૦ | વોર્ડની કામગીરી કરવી. |
| ૨૭ | ૩ | કીચન સર્વન્ટ | ૧૪૮૦૦-૪૭૧૦૦ | રસોડાની કામગીરીમાં મદદ કરવી. |
| ૨૮ | ૧ | સર્વન્ટ | ૧૫૦૦૦-૪૭૬૦૦ | ઓફીસની સાફ સફાઇની કામગીરી કરવી. |
| ૨૯ | ૩ | વોચમેન | ૧૯૯૦૦-૬૩૨૦૦ | હોસ્પિટલની અંદર તથા બહારની દેખરેખ |
| ૩૦ | ૫ | સર્વન્ટ કમ પટાવાળા | ૧૫૦૦૦-૪૭૬૦૦ | ઓફીસની ટપાલ બહારના ખાતામાં પહોંચતી કરવી તથા ઓફીસની કામગીરી કરવી. |
| ૩૧ | ૧ | માળી | ૧૫૦૦૦-૪૭૬૦૦ | હોસ્પિટલના કમ્પાઉન્ડના બગીચાની કામગીરી તથા દેખરેખ માટે. |
| ૩૨ | ૨૩ | સફાઈ કામદાર | ૧૫૦૦૦-૪૭૬૦૦ | હોસ્પિટલ, ડૉક્ટર્સ ક્વાટર્સ, નર્સીસ ક્વાટર્સ, કમ્પાઉન્ડની તમામ પ્રકારની સફાઈની કામગીરી |
| ૩૩ | ૨ | સેને. સબ ઈન્સ્પેક્ટર | ૨૫૫૦૦-૮૧૧૦૦ | હોસ્પિટલમાં સફાઈની કામગીરીકરાવવી તથા બાયોમેડીકલ વેસ્ટની કામગીરી કરાવવી. |
| ૩૪ | ૧૫ | સહાયક મલ્ટી | ૧૪૮૦૦-૪૭૧૦૦ | હોસ્પિટલ, ડોક્ટર્સ ક્વાટર્સ, નર્સીસ ક્વાટર્સ, કમ્પાઉન્ડની તમામ પ્રકારની સફાઈની કામગીરી |

## પ્રકરણ – ૩

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ

**૩.૧ જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે અનુસરવામાં આવતી કાર્ય પધ્ધતિ.**

જુદા જુદા કામો અંગે નિર્ણય માટે અસ્તિત્વમાં પાવર ડેલીગેશનના અમલમાં રહેવા નિયમો
અંતર્ગત જરૂરી નિર્ણય લેવા માટે સંબંધિત જુનિયર/સિનિયર કલાર્ક દ્વારા નોંધ સેક્રેટરી તરફ ત્યાંથી
આસી.મેનેજર તરફ તેમજ ત્યાંથી સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી તરફ અને છેવટે વિભાગનાં ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી તરફ
નિર્ણય માટે અભિપ્રાય સહ નોંધ મુકે છે અને કમિશ્નરશ્રી દ્વારા અથવા સંબંધિત કમિટિ કે જનરલ બોર્ડ
દ્વારા જરૂરી નિર્ણય ઠરાવવામાં આવે છે. જેનો અમલ કરવામાં આવે છે.

## પ્રકરણ – ૪ અને ૫

## કાર્યો બજાવવા નક્કી કરેલા ધોરણો તથા કાર્યો બજાવવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમસંગ્રહ, દફ્તરો

૪, ૫.૧ શ્રી ચી.હ. નગરી મ્યુનિ. આંખની હોસ્પિટલોના કાર્યો બજાવવા માટે નીચે મુજબના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફ્તરોને અનુસરવામાં આવે છે.

બી.પી.એમ.સી.એક્ટ

અમદાવાદ મહાનગર સેવા સદન
અમદાવાદ

# પ્રકરણ – ૬

# સંગઠનના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોના વર્ગોનું પત્રક

૬.૧ શ્રી ચી. હ. નગરી આંખની હોસ્પિટલના દસ્તાવેજો વિષયની માહિતી તથા આ દસ્તાવેજો કોના નિયંત્રણમાં છે. તે અંગેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | દસ્તાવેજની કક્ષા | દસ્તાવેજનું નામ અને તેની એક લીટીમાં ઓળખાણ | દસ્તાવેજ મેળવવાની કાર્ય પધ્ધતિ | નીચેની વ્યક્તિ પાસે છે/ તેમના નિયંત્રણમાં છે. |
|---|---|---|---|---|
| ૧ | દફ્તર | કામના તુમારો | સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને જરૂરી વિગત અરજી કરવી. | સુપ્રિન્ટેન્ડન્ટ |
| ૨ | દફ્તર | ઠરાવો | સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને જરૂરી વિગત સંબંધી અરજી કરવી. | સુપ્રિન્ટેન્ડન્ટ |

## પ્રકરણ – ૭

# નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધમાં જનતાનાં સભ્યો સાથે પરામર્શ

૭.૧ શ્રી ચી. હ. નગરી આંખની હોસ્પિટલ માટે માન.કાઉન્સીલરશ્રીઓ, માન.ધારાસભ્યશ્રીઓ, માન.સંસદસભ્યશ્રીઓ તરફથી સલાહ-સુચનો તથા માર્ગદર્શન મળે છે અને ચર્ચાઓ થાય છે. ઉપરાંત, શ્રી ચી. હ. નગરી આંખની હોસ્પિટલના વિકાસ માટે તેઓશ્રીના બજેટમાંથી ગ્રાન્ટ ફાળવે છે.

# પ્રકરણ – ૮

## વ્યવસ્થાતંત્રના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે બે કે તેથી વધુ વ્યક્તિના બનેલા બોર્ડ કે સમિતિની નોંધ બાબત.

૮.૧ વ્યવસ્થાતંત્રના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે બે કે તેથી વધુ વ્યક્તિના બનેલા બોર્ડ સમિતિની નોંધ બાબતે નીચે મુજબની સમિતિઓ આવેલી છે.

----- હોસ્પિટલ કમિટિ

અમદાવાદ મહાનગર સેવા સદન

અમદાવાદ

------ સ્ટેન્ડીન્ગ કમિટિ

અમદાવાદ મહાનગર સેવા સદન

અમદાવાદ

------ મ્યુનિસિપલ બોર્ડ

અમદાવાદ મહાનગર સેવા સદન

અમદાવાદ

## પ્રકરણ - ૯ અને ૧૦

### અધિકારી અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા અને તેમને વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે મળતું માસિક વળતર

| અ.નં. | નામ | હોદ્દો | પગારધોરણ | માસિક મહેનતાણું | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું નક્કી કરવાની કાર્યવાહી |
|---|---|---|---|---|---|
| ૧ | ડૉ. તેજસબેન દેસાઈ | I/C સુપ્રિન્ટેન્ડેન્ટ | ૧૪૪૨૦૦-૨૨૮૨૦૦<br>૧૯૯૬૦૦ | | અમલમાં રહેલા પગાર ધોરણ મુજબ |
| ૨ | ડૉ.જીગ્નાસા એમ. પરીખ | આર.એમ.ઓ. | ૭૮૮૦૦-૨૦૯૨૦૦<br>૧૨૨૯૦૦ | | |
| ૩ | ડૉ.શ્રધ્ધાકુમારી એસ.શાહ | એનેસ્થેટીસ્ટ | ૭૮૮૦૦-૨૦૯૨૦૦<br>૧૪૬૭૦૦ | | " |
| ૪ | શ્રી મુકેશકુમાર રાઠોડ | આસી.મેનેજર | ૫૩૧૦૦-૧૬૭૮૦૦<br>૫૯૭૦૦ | | " |
| ૫ | શ્રી અનિલ સી.જોધાણી (ફાળવણી UCD) | પી.એસ.કમ પી.આર.ઓ. | ૫૩૧૦૦-૧૬૭૮૦૦<br>૮૭૭૦૦ | | " |
| ૬ | શ્રી લલિતકુમાર પી. પટેલ | સેક્રેટરી | ૪૪૯૦૦-૧૪૨૪૦૦<br>૪૯૦૦૦ | | |
| ૭ | શ્રી હિમાક્ષી એમ.મહેતા | સીની.કલાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૪૪૯૦૦ | | " |
| ૮ | શ્રી મનોજભાઈ સિયોલા | જુ.કલાર્ક | ૨૫૫૦૦-૮૧૧૦૦<br>૩૬૪૦૦ | | " |
| ૯ | શ્રી નરેશભાઈ એમ.પરમાર | જુ.કલાર્ક | ૨૫૫૦૦-૮૧૧૦૦<br>૩૮૬૦૦ | | " |
| ૧૦ | શ્રી ગૌરવભાઇ પટેલ | સહા.જુ.કલાર્ક | ૧૯૯૦૦-૬૩૨૦૦<br>૧૯૯૦૦ | | " |
| ૧૧ | શ્રી પટેલ સોનલ એમ. | લેબો. ટેક. | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૪૯૬૦૦ | | " |
| ૧૨ | શ્રી વારા રાજલ આર. | આસી.લેબો.ટેક. | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૩૮૧૦૦ | | " |
| ૧૩ | શ્રી હર્ષિદાબેન એસ.રાજગુરૂ | ફાર્માસીસ્ટ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦<br>૭૦૦૦૦ | | " |
| ૧૪ | શ્રી યજ્ઞેશ એ. પંડ્યા | ફાર્માસીસ્ટ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦<br>૭૦૦૦૦ | | " |
| ૧૫ | શ્રી અંજુબેન કે.કંસારા | ફાર્માસીસ્ટ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦<br>૬૮૦૦૦ | | " |
| ૧૬ | શ્રી કલ્પલતા એસ.જાદવ (ફાળવણી) | આસી.મેટ્રન | ૪૪૯૦૦-૧૪૨૪૦૦<br>૬૪૧૦૦ | | " |
| ૧૭ | શ્રી ચંદ્રિકાબેન ડી. પારધી | સીસ્ટર ઇન્ચાર્જ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૫૮૬૦૦ | | અમલમાં રહેલા પગાર ધોરણ મુજબ |
| ૧૮ | શ્રી ક્રિષ્ટીનાબેન પી. ક્રિશ્ચીયન | સીસ્ટર ઇન્ચાર્જ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦<br>૭૦૦૦૦ | | " |

| અ.નં. | નામ | હોદ્દો | પગારધોરણ | માસિક મહેનતાણું | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું નક્કી કરવાની કાર્યવાહી |
|---|---|---|---|---|---|
| ૧૯ | શ્રી ગજ્જર હેતલ વી. | સીસ્ટર ઇન્ચાર્જ | ૩૯૯૦૦- ૧૨૬૬૦૦<br>૬૮૦૦૦ | | " |
| ૨૦ | શ્રી શિલ્પાબેન ક્રિશ્ચિયન | સીસ્ટર ઇન્ચાર્જ | ૩૯૯૦૦- ૧૨૬૬૦૦<br>૭૦૦૦૦ | | |
| ૨૧ | શ્રી મિત્તલ જિગ્નેશકુમાર નાયક | સ્ટાફ નર્સ | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૩૩૯૦૦ | | " |
| ૨૨ | શ્રી ગીરીશ ડી. ડામોર | સ્ટાફ નર્સ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૫૨૦૦૦ | | " |
| ૨૩ | શ્રી ભટ્ટ નીતાબેન એમ. | સ્ટાફ નર્સ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૫૨૦૦૦ | | " |
| ૨૪ | શ્રી ફાતેમાબેન એ. મોમીન | સ્ટાફ નર્સ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૫૦૫૦૦ | | " |
| ૨૫ | શ્રી જ્યોતિકર અર્ચના અમિત | સ્ટાફ નર્સ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૪૩૬૦૦ | | " |
| ૨૬ | શ્રી પટેલ સ્મિતા એન. | સ્ટાફ નર્સ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૪૨૩૦૦ | | " |
| ૨૭ | શ્રી બરંડા મીના ગુણવંતભાઈ | સ્ટાફ નર્સ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૪૩૬૦૦ | | " |
| ૨૮ | શ્રી નાયી છાયાબેન આઈ. | સ્ટાફ નર્સ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૪૩૬૦૦ | | " |
| ૨૯ | શ્રી ફેમીદાબેન એમ.મીયા સૈયદ | સ્ટાફ નર્સ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦<br>૪૩૬૦૦ | | " |
| 30 | શ્રી ચૌહાણ ચેતના એસ. | સ્ટાફ નર્સ | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૩૫૯૦૦ | | " |
| 3૧ | શ્રી બીજલાણી પુજા મહેશભાઈ | સ્ટાફ નર્સ | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૩૯૨૦૦ | | " |
| 3૨ | શ્રી ધારા એન.પટેલ | સ્ટાફ નર્સ | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૩૨૯૦૦ | | " |
| 33 | શ્રી કાંતાબેન હીરાભાઈ પટેલ | સ્ટાફ નર્સ | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૩૧૯૦૦ | | " |
| 3૪ | શ્રી ખુશ્બુ પટેલ | સ્ટાફ નર્સ | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૩૯૨૦૦ | | |
| 3૫ | શ્રી કિંજલ પટેલ | સ્ટાફ નર્સ | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૩૪૯૦૦ | | |
| 3૬ | શ્રી મિત્તલબેન જે.નાયક | સ્ટાફ નર્સ | ૨૯૨૦૦-૯૨૩૦૦<br>૩૪૯૦૦ | | |
| 3૭ | શ્રી જામ્બુચા મનોજ એચ. | સેનેટરી સબ ઈન્સ્પેકટર | ૨૫૫૦૦-૮૧૧૦૦<br>૩૨૩૦૦ | | અમલમાં રહેલા પગાર ધોરણ મુજબ |
| 3૮ | શ્રી મુકેશભાઇ સી.રાણા | ડ્રેસર | ૧૯૯૦૦-૬૩૨૦૦<br>૩૪૦૦૦ | | " |

| અ.નં. | નામ | હોદ્દો | પગારધોરણ | માસિક મહેનતાણું | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું નક્કી કરવાની કાર્યવાહી |
|---|---|---|---|---|---|
| ૩૭ | શ્રી કલેવડા કેશવ એમ. | વોચમેન | ૧૯૯૦૦-૬૩૨૦૦<br>૨૩૧૦૦ | | " |
| ૩૮ | શ્રી વાઘેલા દિપકભાઈ આર. | વોર્ડબોય | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૨૮૦૦ | | " |
| ૩૯ | શ્રી કમલેશકુમાર એમ. શાહ | વોર્ડબોય | ૧૫૭૦૦-૫૦૦૦૦<br>૩૪૦૦૦ | | " |
| ૪૦ | શ્રી જાદવ અરવિંદભાઈ એન. | સ.કામદાર | ૧૫૭૦૦-૫૦૦૦૦<br>૩૪૦૦૦ | | " |
| ૪૧ | શ્રી પરમાર ભગવાનભાઇ બી. | વોર્ડબોય | ૧૫૭૦૦-૫૦૦૦૦<br>૩૪૦૦૦ | | " |
| ૪૨ | શ્રી વાલેરા જયંતીભાઇ એન. | વોર્ડબોય | ૧૫૭૦૦-૫૦૦૦૦<br>૩૪૦૦૦ | | " |
| ૪૩ | શ્રી વાઘેલા નટવરભાઈ કે. | સ.કામદાર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૭૦૦ | | " |
| ૪૪ | શ્રી પરમાર હિંમતભાઈ પી. | સ.કામદાર | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૭૨૦૦ | | " |
| ૪૫ | શ્રી દેસાઈ જયરામભાઈ આઈ. | વોર્ડ બોય | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૯૭૦૦ | | " |
| ૪૬ | શ્રી પટેલ મહેબુબ સિકંદર | પટાવાળા | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૩૦૬૦૦ | | " |
| ૪૭ | શ્રી વાલેરા પ્રવીણભાઈ એન. | વોર્ડબોય | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૮૮૦૦ | | " |
| ૪૮ | શ્રી વાઘેલા બાલુસીંગ જી. | પટાવાળા | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૩૧૫૦૦ | | " |
| ૪૯ | શ્રી વેગડા કાંતીભાઈ વી. | વોર્ડબોય | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૩૦૬૦૦ | | " |
| ૫૦ | શ્રી મકવાણા મુકેશભાઈ કે. | વોર્ડબોય | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૩૦૬૦૦ | | " |
| ૫૧ | શ્રી ગોરીયા પ્રવીણભાઈ આઈ. | વોર્ડબોય | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૨૪૫૦૦ | | " |
| ૫૨ | શ્રી દંતાણી કમલેશભાઈ જે. | વોર્ડ બોય | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૦૯૦૦ | | અમલમાં રહેલા પગાર ધોરણ મુજબ |
| ૫૩ | શ્રી વાલીબેન એમ. વોરા | આયા | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૮૮૦૦ | | " |

| અ.નં. | નામ | હોદ્દો | પગારધોરણ | માસિક મહેનતાણું | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું નક્કી કરવાની કાર્યવાહી |
|---|---|---|---|---|---|
| ૫૪ | શ્રી પુષ્પાબેન જી. સુમાનીયા | સ.કામદાર | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૯૭૦૦ | | " |
| ૫૫ | શ્રી સુરેશભાઈ એફ. પુરબીયા | સ.કામદાર | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૮૮૦૦ | | " |
| ૫૬ | શ્રી મુકેશકુમાર અંબાલાલ | સ.કામદાર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૭૦૦ | | " |
| ૫૭ | વાઘેલા ગૌરીબેન એચ. | સ.કામદાર | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૦૯૦૦ | | " |
| ૫૮ | ઘાંચી હનીફ એસ. | વોર્ડ બોય | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૦૩૦૦ | | " |
| ૫૯ | અમરતબીબી ખોખર | આયા | ૧૫૦૦૦-૪૭૬૦૦<br>૨૦૩૦૦ | | " |
| ૬૦ | પુનમબેન આર. ભૈયા | રસોડા નોકર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૮૭૦૦ | | " |
| ૬૧ | લક્ષ્મીબેન એન. વાઘેલા | આયા | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૯૩૦૦ | | " |
| ૬૨ | રતનસિંહ પન્નાસિંહ | રસોડા નોકર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૮૨૦૦ | | " |
| ૬૩ | સજનબા વી. ઠાકોર | આયા | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૮૨૦૦ | | " |
| ૬૪ | કોકીલાબેન પી. ઠાકોર | આયા | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૮૨૦૦ | | " |
| ૬૫ | સોલંકી પ્રકાશ અંબાલાલ | લીફ્ટમેન | ૧૯૯૦૦-૬૩૨૦૦<br>૨૪૫૦૦ | | " |
| ૬૬ | ચૌહાણ કીશોરભાઈ બી. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |
| ૬૭ | પરમાર પંકજ પી. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |
| ૬૮ | સાકરીયા રાકેશ કે. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |
| ૬૯ | પરમાર દીનેશ બી. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | અમલમાં રહેલા પગાર ધોરણ મુજબ |
| ૭૦ | સોલંકી મહેશ એમ. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |

| અ.નં. | નામ | હોદ્દો | પગારધોરણ | માસિક મહેનતાણું | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણું નક્કી કરવાની કાર્યવાહી |
|---|---|---|---|---|---|
| ૭૧ | વાલેરા જશુબેન જે. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |
| ૭૨ | પરમાર મીનાક્ષી કે. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |
| ૭૩ | વાઘેલા બાબુભાઈ કે. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |
| ૭૪ | વાઘેલા રોનકભાઇ એન. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |
| ૭૫ | સોલંકી મહેશ બી. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |
| ૭૬ | રાઠોડ કાર્તીક વી. | સ.મલ્ટીપર્પઝ વર્કર | ૧૪૮૦૦-૪૭૧૦૦<br>૧૭૨૦૦ | | " |

## પ્રકરણ - ૧૧

## વ્યવસ્થાતંત્રને ફાળવાયેલ અંદાજપત્ર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ

www.ahmedabadcity.gov.in ઉપર ઉપલબ્ધ છે.

## પ્રકરણ - ૧૨ અને ૧૩

## આર્થિક સહાય બાબત, આપેલ છૂટછાટો, પરવાનગીઓ અથવા અધિકતિઓ મેળવનારની વિગતો

૧૨-૧૩.૧ સરક્યુલર નં.૩૯ તા.૨૫.૦૨.૧૪, સ્ટે.કમિટી ઠ.નં:૧૮૪૪(૧) તા.૨૩.૦૧.૧૪ અનુસાર નક્કી કરવામાં આવેલ નીતિ અને ચાર્જ અન્વયે તા.૦૧.૦૪.૧૪ થી નગરી હોસ્પિટલમાં નીચે જણાવ્યા મુજબની ફી વસુલ કરવાની રહેશે.

તમામ પ્રકારના ચાર્જીસ/ફી પત્રકમાં દર્શાવ્યા મુજબ માત્ર નીચે જણાવેલ બે પ્રકાર અન્વયે લેવાના રહેશે.

જનરલ વોર્ડ/ઓપીડીના દર્દીઓ માટે

સેમી સ્પેશ્યલ/સ્પેશ્યલ/ડીલક્ષ રૂમના દર્દીઓ માટે

શીડ્યુલ ઓફ ચાર્જીસ અને ઓપરેશન કેટેગરી

| SR. | GROUP NAM E | FOR GENERAL WARDS/OPD | FOR SEMI,SP.&DELUX CAT. |
|---|---|---|---|
| | **GENERAL CHARGES** | | |
| 1 | REGISTRATION (OPD) | 10 | 10 |
| 2 | REGISTRATION (INDOOR) | 10 | 10 |
| 3 | DIET CHARGE PER DAY | 0 | 100 |
| 4 | SP.ROOM | 0 | 1000 |
| 5 | SP.ROOM DEPOSIT (PER WEEK OR ITS PART) | 0 | 15000 |

| | | | |
|---|---|---|---|
| | **OPERATIVE CHARGES (CONSUMABLES, STANT, GRAFTS, IMPLANTS, MEDICINES, INJECTION, SURGICAL GOODS etc. TO BE BROUGHT BY PATIENTS)** | | |
| 1 | SUPRA MAJOR SURGERY CHARGE | 3000 | 6000 |
| 2 | MAJOR SURGERY CHARGE | 0 | 3000 |
| 3 | PROCEDURE CHARGE | 0 | 1000 |
| | **EYE CHARGES** | | |
| 1 | YAG LASOR (FIRST SITTING) | 0 | 200 |
| 2 | YAG LASOR (SECOND SITTING) | 0 | 150 |
| 3 | ATGON LASOR (FIRST SITTING) | 0 | 400 |
| 4 | ATGON LASOR (SECOND SITTING) | 0 | 300 |
| 5 | FLOURESCEIN ANGIOGRAPHY | 0 | 50 |
| 6 | CORNIAL TOPOGRAPHY | 0 | 400 |
| 7 | SPECULAR MICROSCOPE | 0 | 500 |
| 8 | AUTO PERIMETERY | 0 | 500 |
| 9 | CONTACT LENCE FITTING CHARGE | 0 | 250 |

## RMO CERTIFICATES CHARGES

| | | | |
|---|---|---|---|
| 1 | MEDICAL REIMBURCEMENT FEES* | 30 | 30 |
| 2 | INSURANCE CERTI.FEE(MEDICLAME)* | 100 | 100 |
| 3 | P.M.NOTES* | 30 | 30 |
| 4 | MEDICAL CERTIFICATE* | 20 | 20 |
| 5 | INJURY CERTIFICATE FEES* | 100 | 100 |
| 6 | PHYSICAL FITNESS-UNFITNESS* | 50 | 50 |
| 7 | PERMANENT DISABILITY CERTI.* | 500 | 500 |
| 8 | DIATHERMY | 0 | 40 |

| MAJOR SURGERY | SUPRAMAJOR SURGERY |
|---|---|
| ECCE WITHOUT IOL | PHACO + IMPORTED IOL |
| ECCE + IOL | VITRECTOMY |
| SICS + IOL | RETINAL DETACHMENT SURGERY |
| PHACO + INDIAL/COMPLIMENTARY IOL | RD + VITRECTOMY |
| PTERYGIUM EXCISION | PENETRATING KERATOPLASTY |
| GLOBE REPAIRE | DSEK, DLK |
| DCR | RD + GAS/ENDO LASER |
| DCR + IMPLANT | ORBITOTOMY |
| ANTI GLAUCOMA SURGERY | PPV + IOFB REMOVAL |
| SQUINT | PPV + LENSECTOMY |
| SILICON OIL REMOVAL | PPV + SF/GLUED IOL |
| ECCE/SICS + SILICON OIL REMOVAL | PPV+AC RECONSTRUCTION |
| AMNIOTIC MEMBRANCE GRAFTING | AGS + VALVE IMPLANT |
| ECCE / SICS + INTRAVITREAL INJECTION | ECCE / SICS + AGS |
| SECONDARY IOL | PTOSIS |
| **MAJOR SURGERY** | **SUPRAMAJOR SURGERY** |
| ECCE WITHOUT IOL | PHACO + IMPORTED IOL |
| ECCE + IOL | VITRECTOMY |
| SOCKET RECONSTRUCTION | ENDONASAL DCR |
| INTRAOCULAR FOREIGN BODY REMOVAL | EXCENTERATION |
| | EVISCERATION + IMPLANT |

# પ્રકરણ – ૧૪

## ઇલેકટ્રોનીક સ્વરૂપે માહિતી

૧૪.૧ શ્રી ચી.હ. નગરી મ્યુનિ. આંખની હોસ્પિટલની માહિતી

www.ahmedabadcity.gov.in ઉપર ઉપલબ્ધ છે.

www.nagrieyehospital.org વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

## પ્રકરણ – ૧૫

## ગ્રંથાલય વાંચનાલય

શ્રી ચી.હ.નગરી આંખની હોસ્પિટલમાં વાંચનાલય, ગ્રંથાલયની સગવડ પ્રજા માટે ઉપલબ્ધ નથી, આ હોસ્પિટલમાં લાયબ્રેરીની સુવિધા છે, જેનો ઉપયોગ રેસીડન્ટ ડોકટરો અને કન્સલટન્ટ ડોકટરો કરી શકે છે.

## પ્રકરણ - ૧૬

## જાહેર માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દો, સરનામાં અને ફોન નંબર

### ૧૬.૧ શ્રી ચી.હ.નગરી આંખની હોસ્પિટલનાં માહિતી અધિકારી

| | | |
|---|---|---|
| નામ | : | ડો.જીજ્ઞાસા પરીખ |
| હોદ્દો | : | આર.એમ.ઓ. |
| ફોન નં | : | (૦૭૯) ૨૬૪૬૬૭૨૪, ૨૪૪૬૦૧૭૬ |
| મોબાઇલ નંબર | : | ૯૩૨૭૦૩૮૭૭૨ |
| ઇ.મેલ | : | rmonagri@gmail.com |
| સરનામું | : | નગરી આંખની હોસ્પિટલ<br>ગુજરાત કોલેજ ચાર રસ્તા<br>એલીસબ્રીજ, અમદાવાદ |

### ૧૬.૨ શ્રી ચી.હ. નગરી આંખની હોસ્પિટલનાં અપીલ અધિકારી

| | | |
|---|---|---|
| નામ | : | ડો. તેજસબેન દેસાઇ |
| હોદ્દો | : | I/C સુપ્રિન્ટેન્ડેન્ટ |
| ફોન નં | : | (૦૭૯) ૨૬૪૬૬૭૨૪, ૨૪૪૬૦૧૭૬ |
| મોબાઇલ નંબર | : | ૯૩૨૭૦૦૪૮૮૮ |
| ઇ.મેલ | : | nagrihospital@ahmedabadcity.gov.in |
| સરનામું | : | નગરી આંખની હોસ્પિટલ<br>ગુજરાત કોલેજ ચાર રસ્તા<br>એલીસબ્રીજ, અમદાવાદ |

## પ્રકરણ - ૧૭

## માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧૭.૧ શ્રી ચી. હ. નગરી મ્યુનિ. આંખની હોસ્પિટલ દ્વારા લોકોને માહિતી મળે તે માટે વિભાગ દ્વારા અપનાવેલ સાધનો, પદ્ધતિઓ અને સવલતો.

- મહાનગર સેવા સદન વેબસાઇટ

  www.ahmedabadcity.gov.in

  www.nagrieyehospital.org

- નોટિસ બોર્ડ

## એનેક્ષર-એ

## પ્રમાણ પત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, મારી વડી કચેરી (નગરી આંખની હોસ્પિટલ) તથા મારા વહીવટી કાર્યક્ષેત્રના આ સાથેની યાદી મુજબના જાહેર સત્તા મંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રો-એકટીવ ડીસ્કલોઝર)(P.A.D.) તૈયાર કરવામાં આવી છે અને તારીખ ૨૦.૦૫.૨૦૨૩ની સ્થિતિએ તે અદ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે-મે-૨૦૨૩ દરમ્યાન ઇન્સપેકશન-કમ-ઓડિટ કરવામાં આવ્યુ છે, અને જે બાબતે ક્ષતિ જણાઇ હતી અગર તો અપૂરતી વિગતો જણાઇ હતી તેની પૂર્તતા કરવામાં આવી છે.

તા.૨૦.૦૫.૨૦૨૩ની સ્થિતિએ હવે કોઇ જાહેર સત્તા મંડળોના પ્રો-એકટીવ ડીસ્કલોઝર (P.A.D.) ઇન્સપેકશન-કમ-ઓડિટ બાકી રહેલ નથી.

તારીખ : ૨૦.૦૫.૨૦૨૩

મુખ્ય મથક : અમદાવાદ

૨૦|૫|૨૩

ખાતાના વડાની સહી

હોદ્દો : સુપ્રિન્ટેન્ડેન્ટ

કચેરીનું નામ : નગરી આંખની હોસ્પિટલ

બિડાણ :- પ્રોએકટીવ ડીસ્કલોઝર (P.A.D.)

# શ્રી ચી.હ.નગરી મ્યુનિ.આંખની હોસ્પિટલ
## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
એલિસબ્રિજ અમદાવાદ ૩૮૦૦૦૬

ફોન નં.૨૬૪૬૬૭૨૪-૬૪૬૦૧૭૬


તા. ૨૦/૫/૨૦૨૩

પ્રતિ,
ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી,
(હોસ્પિટલ)

શ્રી ચી. હ. નગરી આંખની હોસ્પિટલની માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અધિનિયમની કલમ-૪(ખ) હેઠળની સને ૨૦૨૩-૨૪ ની અદ્યતન કરેલ વિગતવાર માહિતી આપતી પુસ્તિકા પ્રો-એકટીવ ડીસ્કલોઝર(PAD) નિયત ફોર્મેટમાં તૈયાર કરવામાં આવેલ છે. જે આર.ટી.આઇ. સેલને મોકલવાની હોઇ, આપ સાહેબશ્રીની મંજુરી આપવા વિનંતી છે.

૨૦/૫/૨૩

I/C
જાહેર માહિતી અધિકારી
નગરી આંખની હોસ્પિટલ

સુપ્રિન્ટેન્ડેન્ટ
નગરી આંખની હોસ્પિટલ

23.5
ડે.મ્યુ. કમિશ્નર
(હોસ્પિટલ)

Dy. M.C.
ઠરાવ નં. 18
તારીખ 23/5/23